રાજ્યમાં COVID-19 વાયરસના કારણે ઉદભવેલ પરિસ્થિતિમાં કાયદો વ્યવસ્થાની જાળવણી દરમિયાન ચેપ લાગવાથી સુરક્ષા કર્મચારી/અધિકારીના મૃત્યુના કિસ્સામાં આશ્રિતને રૂા. ૨૫ લાખની સહાય આપવા બાબત

# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૨૦/૧૩૭૬/સ

સચિવાલય, ગાંધીનગર

તારીખ:-૩૧/૦૩/૨૦૨૦

ઠરાવ:-

હાલ દેશમાં કોરાનાં વાઇરસ (Covid 19)ની વધી રહેલી ચિંતાજનક પરિસ્થિતિ અને તેના લીધે આ વાઇરસનો ચેપ ફેલાવો અટકે તે માટે લોકોને ઘરમાં જ રહેવા સલાહ આપવામાં આવી રહેલ છે. આ રોગનો ફેલાવો અટકાવવાનો એકમાત્ર ઉપાય લોકડાઉન છે. આ લોકડાઉનને સફળ બનાવવા પોલીસદળ, હોમગાર્ડ, સિવીલ ડિફેન્સ, જીઆરડી, ટ્રાફિક બ્રિગેડ, જેલ તંત્ર રાત દિવસ ફરજો બજાવી રહેલ છે.

૨. આ જવાનોની રાત દિવસની ફરજો દરમિયાન તેમને પણ આ વાઇરસનનો ચેપ લાગવાનો ભય રહેલો છે અને આ રોગને લીધે અવસાન થવાની પણ સંભાવના રહેલી છે.

૩. આથી આ સુરક્ષા કર્મચારી/અધિકારીને ચેપ લાગવાથી, જો કોઈ જવાન કે કર્મચારી/અધિકારીનું અવસાન થાય તો તેના આશ્રિત કુટુંબને રૂપિયા 25,00,000/- (અંકે રૂપિયા પચ્ચીસ લાખ પૂરા) આપવા આથી ઠરાવવામાં આવે છે. આશ્રિત કુટુંબ અંગેની વ્યાખ્યા સરકારશ્રીની પ્રસિદ્ધ થયેલી વખતો વખતની સૂચનાઓ મુજબની રહેશે.

૪. આ સહાય માન.મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી ફાળવવામાં આવશે.

૫. કર્મચારી/અધિકારીનું ફરજ દરમિયાન COVOD-19 વાયરસના સંક્રમણને કારણે અવસાન થાય તો તે સંજોગોમાં સંબધિત જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષકએ સક્ષમ મેડિકલ ઓફિસરના રિપોર્ટ સાથે પૂરતી ચકાસણી કરી ભલામણ સહિત આવશ્યક વિગતો (બેંક એકાઉન્ટની વિગતો સાથે) સહિત પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી મારફત ગૃહ વિભાગને તાત્કાલિક દરખાસ્ત કરવાની રહેશે.

૬. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૩૧/03/૨૦૨૦ના રોજ મળેલ મંજુરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, ગાંધીનગર
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, ગાંધીનગર
- માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (કર્મચારી ગણ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- વિભાગના સર્વે અધિક સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, જેલ ભવન, સાબરમતી, અમદાવાદ
- રાહત નિયામકશ્રી, રાહત પ્રભાગ, નવા સચિવાલય, બ્લોક નં.૧૧/૮મો માળ, ગાંધીનગર
- નિયામક, નાગરિક સંરક્ષણ તંત્ર અને કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડ્ઝ, અમદાવાદ
- પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત
- સર્વે અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ,
- તમામ રેન્જ પોલીસ મહાનિરીક્ષકશ્રી/ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ
- સર્વે કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.
- સર્વે પોલીસ અધીક્ષકશ્રીઓ/ગૃપ કમાન્ડરશ્રીઓ
- નાયબ સેક્શન અધિકારી સીલેક્ટ ફાઇલ